# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-10-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં પ્રવાસીઓ ઉમટ્યા

**દિવાળી વેકેશનના પગલે કચ્છમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. ધાર્મીક સ્થાનોથી લઇને પ્રવાસન ધામો પર પ્રવાસીઓની સંખ્યા વધી ગઇ છે. સ્મૃતિવન, સફેદ રણ, માંડવી બીચ, કાળો ડુંગર, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, લખપત સહિતના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી ભીડ જોવા મળી રહી છે. દિવાળીના વેકેશનના માહોલમાં ભુજ અને તેની આસપાસની મોટાભાગની હોટલ, ગેસ્ટહાઉસ ફુલ થઇ ગયા છે. માતાના મઢ ખાતે છેલ્લા ચાર દિવસમાં 50 હજારથી વધુ ભક્તોએ મા આશાપુરાના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું.**

**ભુજમાં આવેલું સ્મૃતિવન કચ્છ આવતા પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. છેલ્લા 4 દિવસોથી દૈનિક હજારોની સંખ્યામાં પ્રવાસીઓ તેની મુલાકાત લઇ રહ્યા છે. દિવાળી પર્વથી શરૂ થયેલી ભીડ હવે સળંગ ચાર મહિના સુધી કચ્છના વિવિધ પ્રવાસન અને ધાર્મિક સ્થળો પર યથાવત રહેશે.**

**------------------------------------------------------------------------------------------**

## માંડવીમાં બે સ્થળોએ આગ

**માંડવીમાં એક જ દિવસે બે સ્થળોએ આગ લાગવાના બનાવ બન્યા હતા. માંડવી નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે બન્ને સ્થળોએ આગ પર કાબુ મેળવવા સફળતા મેળવી હતી.**

માંડવી નગરપાલિકામાંથી ભુપેન્દ્ર સલાટે આકાશવાણીને માહિતી આપતા જણાવ્યું હતું કે, દિવાળીની રજા હોવાથી મોટી સંખ્યામાં માંડવી બીચ પર ઉમટી પડ્યા હતા. સમી સાંજે હિન્દુ સ્મશાન ગૃહ સામે રેન્જ ફોરેસ્ટ વિભાગની ખુલ્લી જમીન પર બાવળની ઝાડીમાં અગમ્ય કારણોસર આગ લાગી હતી. વાહનોની લાંબી કતાર હોવાથી ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી જાય તે માટે પોલીસ ઇન્સ્પેક્ટર સી. વાય. બારોટના નેતૃત્વ હેઠળ પોલીસ સ્ટાફ જીમખાનાથી બીચ સુધી વાહનોને એક માર્ગીય કરાવવા સહયોગી રહ્યો હતા.

બીજી બાજુ રાત્રીના વોર્ડ નંબર ચારમાં પૂનમ નગર ખાતે એક ખાનગી પ્લોટમાં આગ લાગી હતી. નગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમે  અન્ય મિલ્કતોને નુકશાન ન થાય તેની કાળજી રાખી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

---------------------------------------------------------------------------------------

## કચ્છના કારીગરોને સન્માનિત કરાશે

ગુજરાત રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા વર્ષ **2024** માટે હાથસાળ-હસ્તકલા ક્ષેત્રે સિદ્ધિપ્રાપ્ત કારીગરોમાં કચ્છના સૌથી વધુ સાત કારીગરને આગામી વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સમાં સન્માનવામાં આવશે.  ઇન્ડેક્ષ્ટ-સી કચેરીએ રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા રાજ્ય કક્ષાના **11** તથા ઝોન વાઇઝ ચાર અને મહિલા કારીગરોને મળીને કુલ **19** કારીગરનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં. કચ્છના કારીગરોમાં હેન્ડલૂમ ફેબ્રિક્સ-ધાબડો માટે સંજોટ પ્રકાશભાઇ પૂંજા, ટાઇ એન્ડ ડાઇ, ચંદ્રોકણી બાંધણી દુપટ્ટા માટે અબ્દુલ બશીર ફકીરમામદ ખત્રી, ભરતકામ, ચણિયો માટે ગરવા સવિતાબેન કાંતિલાલ, મડવર્ક, દીવાલ શો પીસ માટે કુંભાર ઝુબેર દાઉદભાઇ, રોગાન- ટ્રી ઓફ લાઇફ માટે ખત્રી સિધિક હસણ,  હેન્ડલૂમ શાલ માટે વણકર અરૂણકુમાર મેઘજીભાઇ, કચ્છી ભરતકામ માટે જમણાબેન અમરાના નામો જાહેર કરવામાં આવ્યા હતા . આ તમામને આગામી વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સમાં સન્માનિત કરાશે.

---

## જીએસટી બચત ઉત્સવ

સરકાર દ્વારા જીએસટીના દરોમાં ઘટાડો કરવામાં આવતા આ વખતે દિવાળી પર્વ નિમિત્તે લોકોએ જીએસટી બચત ઉત્સવનો બહોળા પ્રમાણમાં લાભ લીધો. ટુ વ્હીલર વાહનો પર હવે જીએસટી 18 ટકા કરવામાં આવતા ટુ વ્હીલરના શો રૂમમાં દિવાળીના પર્વ દરમિયાન મોટી સંખ્યામાં લોકોએ વાહનોની ખરીદી કરી.. હાલમાં જ ટુ વ્હીલર ખરીદનાર માધાપરના રહેવાસી રામજીત પ્રજાપતિએ સરકારનો આભાર વ્યક્ત કરતા આ પ્રમાણે જણાવ્યું.

**(રામજીત પ્રજાપતિ)**

---

## મગફળી બિયારણની ખરીદી

મગફળીની પેદાશમાં હબ ગણાતા નખત્રાણા તાલુકામાં દક્ષિણી રાજ્યોનાં વેપારીઓનું બિયારણની ખરીદી માટે આગમન થયું છે. સારા વરસાદનાં પગલે નખત્રાણા પંથકમાં મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું હતું પરંતુ પાછોતરા વરસાદના લીધે મગફળીની ગુણવત્તા ઘટી હતી જ્યારે તે પછી ઉખડાયેલ મગફળીની ગુણવત્તા સારી નીકળતાં દક્ષિણના વેપારીઓ નખત્રાણામાં ખરીદી કરવા આવી પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે મગફળીની સારા બિયારણ તરીકે છાપ હોવાથી દક્ષિણના વેપારીઓ દર વર્ષે મોટા પ્રમાણમાં કચ્છમાંથી ખરીદી કરતા હોય છે.

---

## હવામાન

અરબી સમુદ્રમાં લો-પ્રેશર સર્જાવાના કારણે ગુજરાતમાં આગામી 3 દિવસ સામાન્ય વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી 25 ઓક્ટોબરથી 27 ઓક્ટોબર સુધી 7થી વધુ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર

**કરવામાં આવ્યું છે.આવતીકાલે ગુજરાતમાં ઘણી જગ્યાએ ભારે વરસાદ પડવાની આગાહી છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા અને  કચ્છમાં વરસાદ પડવાની સંભાવના છે.**

**------------------------------------------------------------------------------------------------**